# "સરદાર પટેલ પ્રેરિત મહિલા સશક્તિકરણ"

**પ્રો.રાજેશકુમાર જે . પટેલ**

**મદદનીશ પ્રાધ્યાપક(ગુ.શિ.સે.વર્ગ-૨)**

**ઈતિહાસ વિભાગ, એમ.એન.કોલેજ,**

**વિસનગર , જિ-મહેસાણા .**

સમાજમાં મહિલાઓના સ્થાન વિષે પ્રાચીન ગ્રંથો અને શાસ્ત્રોમાં પુષ્કળ રૂપાળા વિધાનો છે. યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા:, નારી તું નારાયણી વગેરે નારીનો મહિમા ગાતા સુત્રો પરદેશથી પણ આયાત થયા છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે, એક માતા સો શિક્ષકોની ગરજ સારે દરેક સફળ પુરુષના પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે વગેરે.

વાસ્તવમાં પ્રાચીન સમાજોથી સ્ત્રીનું મહત્વ છે જ પણ જ્યાં સુધી ખોરાકની શોધમાં ભટકતી માનવ ટોળીઓનો યુગ હતો ત્યાં સુધી જ એ મહત્તા ટકી, જેવી વસાહત શરુ થઈ, જમીન પરના હક શરુ થયા, વસાહતની સુરક્ષા માટે લોખંડી પુરુષોની આવશ્યકતા અનુભવવા લાગી અને એમાંથી યોદ્ધા તથા રાજકર્તા વર્ગનો જન્મ થયો તેવીજ સ્ત્રી ગુલામ બનવા લાગી, જમીન અને સંપતિની રક્ષા કાજે પાશવી શરીર બળ જોઈએ. પારકી જમીન અને સંપતિ પડાવી લેવામાં માટે ઓર અધિક પાશવી બળ જોઈએ. એ સંજોગોમાં પાશવી શરીર બળ નહી ધરાવતી સ્ત્રીઓ સામાજિક વ્યવસ્થામાં પાછળ પડતી ગઈ. મનું, નારદ, આદિ સંહિતાકારોએ તો નારીને નરકનું દ્વાર શુદ્ધ કરી નાખી, નારી સદાય આશ્રીતા રહેવી જોઈએ (બાળપણમાં પિતાની, યુવાનીમાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્રની આશ્રિતા) કારણ કે સ્ત્રી સ્વતંત્રતાને લાયક નથી (ન સ્ત્રી સ્વાતંત્ર્ય મહતિ), સ્ત્રી તો ઢોર પાગલ, શુદ્ર અને પશુની જેમ તાડન (માર) ની જ અધિકારી છે. એનું સ્થાન તો માત્ર ઘરમાં અને પતિના ચરણોમાં જ છે. વિગેર વિધાનો પ્રચલિત બન્યા છે. આર્થિક સત્તા સંપૂર્ણપણે ગુમાવી બેઠેલી અને જ્ઞાનથી વંચિત બનાવાયેલી નારીએ પોતે પણ ધીરે-ધીરે સ્વીકારી લીધું કે હું ગુલામડી રહેવા જ સર્જાઈ છું![૧]

એવું પણ નથી કે તમામ યુગો પર્યંત કોઈ નારી રત્નો પાક્યાં જ નથી. પુરાણ કાલની કેટલીક પ્રખર નારીઓમાં વેદકાળના ભૃગુઓમાં પુરુષ સમોવડી દેવયાની થઈ ગઈ. પુરાણકાલમાં ગિરનારનું નામ રેવતાચલ હતું. ત્યાં રેવત રાજાનું શાસન હતું એમની પુત્રી રેવતી પરાક્રમમાં ભલ-ભલા પુરુષોને પછાડે એવી હતી એથી જ શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામ એની ઉપર મુગ્ધ થઈ ગયા હતા. ગુજરાતણ રેવતીએ મથુરાના આ મહાબલી યાદવને મહાત કર્યા હતા.[૨]

પૂર્વ મધ્યયુગમાં વનરાજ ચાવડાની માતા એક અણનમ વીરાંગના તરીકે યાદ આવે છે. દક્ષિણના ભુવડ સામે રાજા જયશિખરીની હાર થાય છે. ત્યારે એ બહાદુર નારી ગર્ભસ્થ શિશુને જન્મ આપવા જંગલોમાં જતી રહી ત્યાં એણે પુત્ર વનરાજ ચાવડાને જન્મ આપ્યો. એને ઉછેર્યો અને રાજા બનવાની તાલીમ આપી, રાજા સિદ્ધરાજનું ઘડતર કરનારી માતા મીનળદેવી, દિલ્લી સલ્તનતની સુલતાના રઝીયાબેગમ, સુલતાના ચાંદબીબી વિગેરે નારી રત્નો હતા.[3]

ભારતમાં અંગ્રેજોના આગમનબાદ પરિવર્તનનો પવન ફૂંકાયો ૧૯મી સદીમાં સ્ત્રીઓની સ્થિતિ વિષે ઘણા ગ્રંથો લખાયા, પુરુષ સમોવડી સ્ત્રી બને તે દિશામાં સક્રિયતા વધવા લાગી, આ સમયમાં સ્ત્રીઓને થતા અન્યાય બાબતે કેટલાક પુરુષો સજાગ બને છે, બાળલગ્ન, કજોડા, ફરજીયાત વૈધવ્ય, સતીપ્રથા, વિધવાઓનું જાતીય શોષણ, કન્યા કેળવણીનો વિરોધ વગેરે જેવા સ્ત્રી સહજ દુષણો સામે સમાજ સુધારાઓનું આંદોલન શરુ થયું. ગુજરાતમાં દુર્ગારામ મહેતાજી, કવિ નર્મદ, કરશનદાસ મુળજી, મહીપતરામ નીલકંઠ વગેર સજ્જનો સ્ત્રીઓની દુ:ખમય સ્થિતિમાં ફર્ક કરવા પ્રયત્નશીલ બન્યા ૨૦મી સદીની શરૂઆતમાં હિંદમાં કુલ સાક્ષરતા જ દસ ટકા હતી. જેમાં સ્ત્રી સાક્ષરતા માત્ર બે ટકા જ હતી. પરંતુ ૧૯મી સદીના ક્રાંતિકારી વિચારોએ અને વૈજ્ઞાનિક શોધોએ વિશ્વભરના જનમાનસને ઝડપી બદલવા માંડયુ, સ્ત્રીઓ ધીરે-ધીરે જાગૃત થવા લાગી બરાબર ૨૦મી સદીની શરૂઆતમાં વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબેન ગુજરાતની પ્રથમ સ્નાતક બહેનો હતી. ગાંધીજીની સેનામાં સ્ત્રીઓ પણ હતી, આ સમયમાં દારૂની દુકાનો તથા પરદેશી માલની દુકાનો સામે સત્યાગ્રહ, પ્રભાતફેરી, સફાઈ યજ્ઞ, અસ્પુશ્યતા નિવારણ કાર્યક્રમ, અસહકાર આંદોલન, મીઠા સત્યાગ્રહ, ખડી આંદોલન જેવા અનેક કાર્યક્રમોમાં ગુજરાતી નારીઓએ મોટી સંખ્યામાં ભાગ લેવા માંડયો. ખરેખર તો અન્ય કોઈપણ દેશની નારી કરતા ભારતની ઘણી નારીઓએ ગાંધીપ્રેરિત કાર્યક્રમોમાં સક્રિયતા દાખવી. એ બહેનોમાં હતા. ગાંધીજીના પત્ની કસ્તુરબા, દશેરીબેન, મીઠુબેન પિટીટ તેમજ સરદાર પટેલના દીકરી મણીબેન, મૃદુલાબેન સારાભાઈ, પુષ્પાબેન મહેતા, કમળાબેન પટેલ, ચારુમતી યોદ્ધા, અરુણાબેન દેસાઈ... વગેરે અહી દુઃખ સાથે નોંધવું રહ્યું કે ૨૦મી સદીના ઉતરાર્ધથી નારી વિકાસની ગતિ ધીમી પડી છે. શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તેથી કેટલીક સ્ત્રીઓ નોકરી કરવા લાગી છે. કેટલીક તબીબી કાનૂની સેવાકીય વગેરે ક્ષેત્રોમાં વ્યવસાયી બની છે. પરંતુ ઉચ્ચતર શિખરો સર કરવાની ઝંખના જે ૨૦મી સદીના પૂર્વાર્ધમાં જોવા મળી તે વિલય પામી ગઈ છે.[૪]

મુંબઈ પ્રાંતના ગુજરાત ભાષી જિલ્લા ખેડામાં નડિયાદ અને કરમસદ આવેલા હતા નડિયાદ તાલુકા મથક હતું અને કરમસદ આણંદ તાલુકા મથક કરતા બીજા નંબરનું ગામ હતું જ્યાં સરદારનો જન્મ થયો હતો. કરમસદના અનેક પાટીદાર છોકરાઓની માફક ઝવેરભાઈ અને લાડાબાના દીકરા વલ્લભભાઈ બચપણથી જ તેજસ્વી અને ખમીરવંતા હતા, બાળક વલ્લભભાઈને લઈને લાડબા સાસરે આવ્યા ત્યારે કરમસદમાં ઝવેરભાઈનું બે માળનું મકાન હતું વલ્લભભાઈ પિતા પાસેથી રાષ્ટ્રપ્રેમ અને દેશદાઝ શીખ્યા

હતા. સમગ્ર ભારતનું એકીકરણનું ભગીરથ કાર્ય કરનાર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન વલ્લભભાઈ પટેલના જીવનનો અભ્યાસ કરતા તેમના જીવનનો એક આઘાત જનક બનાવ અહી ટાંકું છું સને ૧૯૦૮ની સાલમાં જયારે પોતાના પત્ની ઝવેરબા બીમાર પડયા ત્યારે પોતાના પત્ની અને બાળકોને લઈને તેઓ મુંબઈ ગયા,ડોકટરની સલાહ મુજબ ઝવેરબાને કામા હોસ્પિટલમાં દાખલ કર્યા, આંતરડામાં કેન્સરની ગાંઠ હોવાથી ઓપરેશનકર્યા વગર ચાલે તેમ ન હતું પણ ઝવેરબા અતિશય નબળા પડી ગયા હોવાથી થોડી યાદ શક્તિ આવે પછી ઓપરેશન કરવાનું નક્કી થયું ઓપરેશનની તારીખ નક્કી થાય કે તરત જ પોતાને બોલાવવા તેવી સુચના આપીને આણંદમાં ખૂનના એક આરોપીનો બચાવ કરવા માટે વલ્લભભાઈ આણંદ આવ્યા, વલ્લભભાઈના ગયા પછી ઝવેરબાની તબિયત એકાએક બગડી અને ઓપરેશન તાબડતોબ કરવું પડયું તેનાથી ફાયદો દેખાયો અને વલ્લભભાઈને તારાથી બધી હકીકતની જાણ કરવામાં આવી. સંતોષનો દમ ખેંચીને વલ્લભભાઈએ સાક્ષીની ઉલટ તપાસ શરુ કરી. આણંદની અદાલતમાં વલ્લભભાઈ પુરા બળથી સાક્ષી ઉપર તૂટી પડયા હતા ત્યારે જાન્યુઆરીની ૧૧મી તારીખે બપોરે ૨ કલાકે બીજો તાર આવ્યો વલ્લભભાઈએ આ તાર ફાડીને વાંચ્યો, તેમાં ઝવેરબાના અવસાનની ખબર હતી. તારને ગડીવાળીને વલ્લભભાઈએ ખિસ્સામાં મુક્યો અને સાક્ષી ભાંગી પડયો ત્યાં સુધી સવાલોનો મારો ચલાવતા રહ્યા અદાલતનું કામ પૂરું થયા પછી વલ્લભભાઈએ આ આઘાત જનક સમાચાર બધાને આપ્યા. દ્રઢ મનોબળથી વલ્લભભાઈએ પોતાના શોક પર કાબુ રાખ્યો અને અદાલતમાં જીત્યાં પણ દુર મુંબઈની ઈસ્પિતાલમાં ઝવેરબાએ જીવનમરણની લડતમાં હાર ખાધી ત્યારે તેમની પાસે વર કે માં-બાપ કોઈ હતા નહિ. સાડા ચાર વરસના મણીબેન અને ત્રણ વરસના ડાહ્યાભાઈ બાન્દ્રામાં આવેલા વિઠ્ઠલભાઈના બંગલે હતા.[૫]

આમ વલ્લભભાઈના જીવનનો અભ્યાસ કરતા આપણને એ જાણવા મળે છે કે સીધીરીતે તો પોતાના કર્તવ્ય અને રાષ્ટ્ર પ્રત્યે વફાદારી રાખનારા વલ્લભભાઈએ સ્ત્રી નેતૃત્વના ક્ષેત્રમાં વિશેષ કોઈ રસ દાખવ્યો નથી પરંતુ તેમના આગવા નેતૃત્વથી પ્રેરણા લઈને સમગ્ર દેશની સ્ત્રીઓને આગવી પ્રેરણા મળે છે. જેમાં પોતાની દીકરી મણીબેન પણ આવી જાય છે. તેમના યુગમાં રાજકીય આંદોલનોમાં ભાગ લેવા અસંખ્ય સ્ત્રીઓ ઉમટી પડતી જેની આજે ભારે ઊણપ જણાય છે.

સરદારમાંથી જ પ્રેરણા લઈને ગુજરાતમાંથી મૃદુલાબેન, પુષ્પાવતીબેન મહેતા, વનલીલા કિનારીવાલા, ઉદયપ્રભાબેન મહેતા, પદમાબેન શાહ, ચંચળબેન, યશાસ્વતીબેન ભટ્ટ, રંજનબેન દલાલ, વીણાબેન અમીન,સુમિત્રા ઠાકોર, કલ્પનાબેન પ્રભુ, ઉમાબેન પદકી જેવી મહિલાઓએ રાજકીય નેતૃત્વ પુરું પાડયું છે.

**પાદનોંધ :-**

(૧) ગાંધી રા.મો.,અનુ.સંઘવી નગીનદાસ, સરદાર પટેલ એક સમર્પિત જીવન, પ્રકાશક દેસાઈ જીતેન્દ્રભાઈ ઠાકોરભાઈ, નવજીવન પ્રકાશક મંદિર, અમદાવાદ.

(૨) શાહ મૃદુલાબેન, અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, પુષ્ઠ નં-૨૪

(૩) ડૉ.સોની મંજુલાબેન,સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, પુષ્ઠ નં-૭૨

(૪) સોલંકી રામજીભાઈ, સામુદાયિક વિકાસમાં સ્ત્રી નેતૃત્વ અને પંચાયતીરાજના અનુભવો,પંચાયતીરાજ, પુષ્ઠ નં-૧૩,

(૫) ડૉ.મહેતા ઈન્દુબેન, સરદાર પટેલ અને સ્ત્રી નેતૃત્વ, પુષ્ઠ નં-૧૯